RAN-2401001203050002

# RAN-2401001203050002/2501000103011002

## B.A. (Sem. - III) Examination November - 2025

## AEC - III : Gujarati Proficiency And Life Skills - III

**સૂચના : / Instructions**

(1) ઉપરોક્ત દર્શાવેલ વિગતો ઉત્તરવહી પર અવશ્ય લખવી.
Fill up strictly the above details on your answer book

Seat No.:

Student's Signature

**પ્ર. 1. ટૂંકમાં જવાબ આપો (કોઈ પણ પાંચ)** **10**

1. જોડણીમાં ચોકસાઈ શાથી જરૂરી છે?
2. તદ્ભવ શબ્દ કોને કહેવાય?
3. જે રૂપમાં લિંગ-વચનાદિના ફેરફારને લીધે પરિવર્તન થાય તેને કયા વિશેષણ તરીકે ઓળખવામાં આવે છે?
4. ક્રિયાવિશેષણની સમજૂતી આપો.
5. 'ત્રણ પાડોશી' કાવ્ય કયા સર્જકની રચના છે?
6. કાન્તનું પૂરું નામ જણાવો.
7. કાવ્યનું રસદર્શન કરતી વખતે કઈ બાબતો ધ્યાનમાં રાખવી જરૂરી છે?

**પ્ર. 2. અ. ટૂંક નોંધ લખો. (ગમે તે એક)** **05**

1. તત્સમ શબ્દના જોડણીના નિયમો
2. તદ્ભવ શબ્દની જોડણીના નિયમો

**બ. ટૂંક નોંધ લખો. (ગમે તે એક)** **05**

1. વિશેષણની વ્યાખ્યા અને સ્વરૂપલક્ષી પ્રકારો
2. રીતિવાચક ક્રિયાવિશેષણ અને સંશયવાચક ક્રિયાવિશેષણ.

**ક. કોઈ પણ એક કાવ્યનું રસદર્શન કરો.** **05**

આજ અંધાર

''આજ અંધાર ખુશબોભર્યો લાગતો,
આજ સૌરભ ભરી રીત સારી;
આજ આ શાલની મંજરી ઝરી ઝરી,
પમરતા પાથરી દે પથારી

આજ ઓ પારથી ગંધને લાવતી
દિવ્ય કો સિન્ધુની લહરી લહરી;
આજ આકાશથી તારલા માંહીથી
મ્હેંકતી આવતી શી સુગંધી!''

''ક્યાં, કયું પુષ્પ એવું ખીલ્યું, જેહના
મઘમઘાટે નિશા આજ ભારી?
ગાય ના કંઠ કો, તાર ના ઝણઝણે;
ક્યાં થકી સૂર કેરી ફૂવારી?''
હૃદય આ વ્યગ્ર જે સૂર કાજે હતું,
હરિણ શું, તે મળ્યો આજ સૂર
ચિત્ત જે નિત્ય આનંદને કલ્પતું
આવિયો તે થઈ સુરભિ -પૂર? આજ ....

પ્રહલાદ પારેખ

ભાઈ રે આપણા દુઃખનું કેટલું જોર

ભાઈ રે આપણા દુઃખનું કેટલુ જોર?
નાની એવી વાતનો મચવીએ નહિ શોર.

ભારનું વાહન કોણ બની રહે, નહિ અલૂણનું કામ,
આપણ તો બડભાગી, ખમીરનું આજ ગવાય રે ગાન
સજલ મેઘ શાલ પે સોહે રંગધનુષની કોર.

જલભરી દગ સાગર પેખે, હસતી કમળફૂલ,
કોકડું છે પણ રેશમનું એનુ ઝીણું વણાય દુકૂલ;
નિબિડ રાતના કાજળ પાછળ પ્રગટે અરુણ ભોર

આપણે ના કંઈ રંક ભર્યો ભર્યો માંહ્યલો કોશ અપાર,
આવવા દો જેને આવવું, આપણે મૂલવશું નિરધાર;
અભ ઝરે ભલે આગ, હસી હસી ફૂલ ઝરે ગુલમ્હોર.

રાજેન્દ્ર શાહ